# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 24-12-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Tuesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

---

1. ઑક્ટોબરથી ડિસેમ્બર મહિનામાં વસૂલાત પાત્ર ફ્યૂઅલ સરચાર્જમાં પ્રતિ યુનિટ 40 પૈસાનો ઘટાડો કરવાનો રાજ્ય સરકારનો નિર્ણય
2. ગુજરાત અને જાપાનના શિઝૂઓકા પ્રિફેક્ચર વચ્ચે પાંચ મૈત્રી કરાર કરાયા
3. રાજ્યની અંદાજે 11 હજારથી વધુ સ્વનિર્ભર શાળાઓ દ્વારા કરાતી એફિડેવિટની પ્રક્રિયા ઑનલાઈન કરાશે
4. ગુજરાત પોલીસના સાયબર ક્રાઈમ સેલ દ્વારા આરોપીઓ પાસેથી 108 કરોડ રૂપિયાથી વધુની રકમની વસૂલાત કરવામાં આવી
5. સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક જિલ્લાઓમાં આગામી 2 દિવસ બાદ ગાજવીજ સાથે હળવા વરસાદની હવામાન વિભાગની આગાહી

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## VIJ DAR GHATADO

રાજ્ય સરકારે 'સુશાસન દિવસ'ને ધ્યાનમાં રાખી ઑક્ટોબરથી ડિસેમ્બર મહિનામાં વસૂલાત પાત્ર ફ્યૂઅલ સરચાર્જમાં 40 પૈસાનો ઘટાડો કરવાનો નિર્ણય કર્યો છે. આ સમયગાળામાં ફ્યૂઅલ સરચાર્જનો દર 2.85 રૂપિયાથી ઘટાડીને 2.45 રૂપિયા પ્રતિ યુનિટના દરની વસૂલાત કરાશે, જેના કારણે રાજ્યના અંદાજે એક કરોડ 75 લાખ ગ્રાહકોને લાભ થશે. ગાંધીનગરમાં પત્રકાર પરિષદને સંબોધતા ઊર્જા મંત્રી કનુ દેસાઈએ આ અંગે માહિતી આપી હતી.

(બાઈટઃ કનુ દેસાઈ, ઊર્જામંત્રી)

--------------

## RENEWABLE ENERGY GUJARAT

ગુજરાત રાજ્ય પુનઃપ્રાપ્ય ઊર્જાની 30 ગીગાવૉટની ક્ષમતા સાથે સમગ્ર દેશમાં અગ્રેસર હોવાનું ઊર્જામંત્રી કનુ દેસાઈએ જણાવ્યું હતું. ગાંધીનગરમાં પત્રકાર પરિષદને સંબોધતા તેમણે કહ્યું કે, રાજ્યમાં 16 હજારથી વધુ ગામના 18 લાખ 95 હજારથી વધુ ખેડૂતોને દિવસ દરમિયાન વીજળી મળશે. જ્યારે બાકી રહેલા 632 જેટલા ગામના ખેડૂતોને દિવસે સત્વરે વીજળી અપાશે.

ઉપરાંત ગાંધીનગર, બનાસકાંઠા, અમદાવાદ અને ખેડામાં કુલ 6 નવી પેટા વિભાગીય કચેરીઓ મંજૂર કરવામાં આવી હોવાનું પણ શ્રી દેસાઈએ ઉમેર્યું હતું.

--------------

## GUJARAT SHIZUOKA JAPAN MoU

ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ગુજરાત જાપાન પાર્ટનર્શીપ ડે અંતર્ગત ગુજરાત અને જાપાનના શિઝૂઓકા પ્રિફેક્ચર વચ્ચે પાંચ મૈત્રી કરાર કરાયા છે. સત્તાવાર યાદી મુજબ, શિઝૂઓકા બિઝનેસ ઈન્ટર્ન પ્રોગ્રામ અન્વયે મેમોરેન્ડમ ઑફ કો-ઑપરેશન, અમદાવાદ અને હમામાત્સુ, શહેરો વચ્ચે પરસ્પર સહકાર માટેની દરખાસ્ત, વર્સેટાઇલ માઇક્રો ઈ-મોબિલિટી પ્રોજેક્ટ માટે કરાર, સુઝૂકી મોટર કૉર્પોરેશન અને અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન વચ્ચે કરારનો સમાવેશ થાય છે.

મહાત્મા મંદિર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે, આ કરારથી વેપાર, વાણિજ્ય, ટેકનોલોજી, નવીનતા, સાંસ્કૃતિક આદાનપ્રદાન તેમજ પ્રવાસન જેવા ક્ષેત્રોમાં એકબીજાના સામર્થ્યનો લાભ મળશે.

જ્યારે શિઝૂઓકા પ્રિફેક્ચરના ગવર્નર સુઝૂકી યાસુતોમોએ આ મૈત્રી કરાર ભવિષ્યમાં ગુજરાત અને શિઝુઓકાના વિકાસ માટેનું એક ઐતિહાસિક પગલું પૂરવાર થશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

--------------

## VADNAGAR MANDAVIYA PADYATRA

મહેસાણાના વડનગરમાં કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયાના નેતૃત્વમાં ‘માય ભારત સુશાસન દિવસ પદયાત્રા’ યોજાઈ ગઈ, જેમાં સ્થાનિક વિશ્વ વિદ્યાલયો, મહાવિદ્યાલયો, સામાજિક અને સ્વૈચ્છિક સંસ્થાઓના 15 હજારથી વધુ માય ભારત યુવા સ્વયંસેવકો જોડાયા હતા.

પૂર્વ પ્રધાનમંત્રી અને ભારતરત્ન સ્વર્ગીય અટલ બિહારી વાજપેયીની આવતીકાલે 100મી જન્મજયંતિની ઉજવણી અંતર્ગત યોજાયેલી આ પદયાત્રામાં શ્રી માંડવિયાએ કહ્યું કે, અત્યાર સુધીમાં એક કરોડ 65 લાખ જેટલા યુવાનો અને વિશ્વની 35 લાખથી વધુ કંપનીઓ માય ભારત પ્લેટફૉર્મ પર જોડાઈ છે. ઉપરાંત શ્રી માંડવિયાએ દર મહિને 2 સ્થળો પર આવી પદયાત્રા યોજાશે તેવી જાહેરાત પણ કરી હતી.

**(બાઈટઃ ડૉ. મનસુખ માંડવિયા, કેન્દ્રીય મંત્રી)**

--------------

## SCHOOLS AFFIDAVIT ONLINE

રાજ્યની અંદાજે 11 હજારથી વધુ સ્વનિર્ભર શાળાઓ દ્વારા કરાતી એફિડેવિટની પ્રક્રિયા ઑનલાઈન કરાશે. તેમજ ફી નિયમન સમિતિઓ વચ્ચે કામગીરીનું સંકલન કરી અને કામગીરી વધુ ઝડપી બને તે હેતુથી શિક્ષણ વિભાગ દ્વારા SOP એટલે કે, માનક સંચાલન પ્રક્રિયા પણ તૈયાર કરાશે.

ગાંધીનગરના વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે શિક્ષણ મંત્રી ડૉ. કુબેર ડિંડોરની અધ્યક્ષતામાં રાજ્યની તમામ ફી નિયમન સમિતિઓના અધ્યક્ષ અને સભ્યો સાથે

યોજાયેલી બેઠકમાં આ જાહેરાત કરવામાં આવી હતી. પ્રક્રિયા ઑનલાઈન થવાથી ફી નિયમન સમિતિઓમાં કામગીરી પેપરલેસ, પારદર્શક અને ઝડપી બનશે.

--------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

## NEW VOLVO BUS

રાજ્યના વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ ગાંધીનગર બસમથક ખાતેથી આજે નવી 10 વૉલ્વૉ બસનો પ્રારંભ કરાવ્યો છે. આ નવી બસ અમદાવાદ અને વડોદરા રાજમાર્ગ, રાજકોટ, ભુજ અને સુરત જેવા શહેરોમાં દોડશે. ઉપરાંત અંબાજી, સોમનાથ, દ્વારકા, શામળાજી, ચોટીલા, જુનાગઢ અને વિરપુર જેવા ધાર્મિક સ્થળો પર, સ્ટેચ્યૂ ઑફ યુનિટી અને અમદાવાદ હવાઈમથક પરથી કચ્છ પહોંચવા માટે પણ આ નવી બસને દોડાવવામાં આવશે.

ગાંધીનગરના અમારા પ્રતિનિધિ દુર્ગેશ મહેતા જણાવે છે કે, નવી બસમાં 2 ફાયર બૉટલ, અગ્નિશમન સંચાલન પ્રણાલી પણ મુકવામાં આવી છે.

--------------

## CYBER CRIME

ગુજરાત પોલીસના સાયબર ક્રાઈમ સેલ દ્વારા વર્ષ 2024માં સાયબર આરોપીઓ પાસેથી 108 કરોડ રૂપિયાથી વધુની રકમની વસૂલાત કરવામાં આવી છે. સત્તાવાર યાદી મુજબ, રાજ્યમાં આ વર્ષે 15 ડિસેમ્બર સુધીમાં સાયબર ગુનાઓ સંબંધિત એક લાખ 31 હજાર જેટલી ફરિયાદો મળી છે. તેની સામે કાર્યવાહી કરાતા એક વર્ષમાં 285 કરોડ 12 લાખ રૂપિયા ટાંચમાં લઈ તેની વસૂલાતની કાર્યવાહી ચાલી રહી છે.

સ્ટેટ સાયબર ક્રાઈમ સેલના SP ધર્મેન્દ્ર શર્માએ જણાવ્યું કે, સાયબર ક્રાઈમ સૅલ દ્વારા ત્રણથી 13 ડિસેમ્બર સુધી યોજાયેલી વિશેષ ઝૂંબેશમાં રાજ્યભરની 40 હજાર 905 અરજીઓના પ્રતિભાવ લોક અદાલતમાં રજૂ કરાયા છે, જે અંગે અદાલતના હુકમ બાદ સાયબર છેતરપિંડીમાં ગયેલા વધુ 75 કરોડ રૂપિયા નાગરિકોને પરત મળશે.

--------------

## SURENDRANAGAR GRAHAK ADHIKAR DIVAS

સુરેન્દ્રનગરમાં કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાની અધ્યક્ષતામાં રાજ્યકક્ષાના 'રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ'ની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં શ્રી બાવળિયાએ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ગ્રાહક જાગૃતિ અંગેના પ્રયાસ તથા ગ્રાહક સુરક્ષા અધિનિયમ કાયદા અંગે માહિતી આપી હતી.

## (બાઈટઃ કુંવરજી બાવળિયા, કેબિનેટ મંત્રી)

--------------

## BRAHMAKUMARIS HIRAK JAYANTI

બ્રહ્માકુમારીઝ સંસ્થા ગુજરાત 2025ના વર્ષને "હીરક જયંતી વર્ષ" તરીકે ઉજવશે. રાજકોટ ખાતે હીરક જયંતી વર્ષની ઉજવણી નિમિત્તે બ્રહ્માકુમારીઝ ગુજરાત ઝૉન ડાયરેક્ટર રાજયોગિની ભારતીદીદીજીના માર્ગદર્શન હેઠળ 2 દિવસનો કાર્યક્રમ યોજાયો, જ્યાં રાજ્યભરનાં એક હજાર 500થી વધુ તપસ્વી બ્રહ્મચારિણી શિવશક્તિ બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.

ગ્રામ વિકાસ વિભાગનાં અધ્યક્ષ બ્રહ્માકુમારી સરલાબેને ગુજરાતને વરદાનોની ભૂમિ ગણાવી હતી. તેમણે વર્ષ 2025માં રાજ્યના તમામ જિલ્લાઓમાં બ્રહ્માકુમારીઝ દ્વારા યોજાનારી સેવાઓની વિવિધ 60 પરિયોજના અંગે માહિતી આપી હતી.

--------------

## AHD KANKARIYA KARNIVAL

અમદાવાદના કાંકરિયા તળાવ ખાતે આવતીકાલે 15મા કાંકરિયા કાર્નિવલનો પ્રારંભ થશે. કાર્નિવલના પ્રથમ દિવસે મહાનગરપાલિકાની શાળાઓમાં ભણતા એક હજાર જેટલા બાળકો સામુહિક રીતે એક સાથે કેન્ડી અને ચોકલેટ ખોલીને અને તેને સંપૂર્ણ ખાઈને ગિનિસ બુક ઑફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવવાનો પ્રયાસ કરશે, એમ અમદાવાદ મહાનગરપાલિકાની સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

31મી ડિસેમ્બર સુધી યોજાનારા કાંકરિયા કાર્નિવલ દરમિયાન વિવિધ રંગારંગ, સાંસ્કૃતિક અને મનોરંજન કાર્યક્રમો અંતર્ગત જાણીતા કલાકારો વિવિધ પ્રસ્તુતિ રજૂ કરશે. કાર્નિવલમાં મુલાકાતીઓ કાંકરિયા લેક ફ્રન્ટ પરિસરમાં વિનામૂલ્યે પ્રવેશ કરી શકશે.

--------------

## WEATHER

હવામાન વિભાગે આગામી 24 કલાકમાં રાજ્યમાં ઠંડીનું જોર યથાવત્ રહેવાની આગાહી વ્યક્ત કરી છે. રાજ્ય ઉપર પવનની દિશા બદલાયા બાદ ફરી એક વાર તાપમાનમાં બેથી ચાર ડિગ્રી સેલ્સિયસ સુધીનો વધારો થવાની સંભાવના છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે આ અંગે માહિતી આપી હતી.

**(બાઈટઃ રામાશ્રય યાદવ, વૈજ્ઞાનિક, હવામાન વિભાગ)**

આ તરફ અરવલ્લી જિલ્લામાં કમોસમી વરસાદને લઈને ખેડૂતોમાં ચિંતા વધી છે, જેને લઈ જિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા તૈયાર થયેલી જણસને તાડપત્રીથી યોગ્ય રીતે ઢાંકવા ખેડૂતોને સૂચન કરાયું છે.

--------------